## મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ દ્વારા બાવળા ખાતે ખેડૂત સંમેલનમાં ભાગ લીધો

અત્રેની કચેરી મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ ખાતેથી ડો. ડી. જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) અને શ્રી એસ. એસ. થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના યુનિટ વડા તથા સાણંદ બાવળા તાલુકા વિસ્તારના વિસ્તરણ અધિકારીઓ, ટાટા મોટર્સના કર્મચારી, સંપાદાસ ઘોષ તથા એફ.પી.ઓ. મેનેજર ડિરેક્ટર કાશીરામભાઈ વાઘેલા તથા સામાજિક કાર્યકર, પ્રફુલભાઈ મહેતા અને ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી, કાંતિભાઈ દ્વારા તા.૧૯.૦૬.૨૦૨૩ સોમવારના રોજ બાવળા ખાતે ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ (નેનો પ્લાન્ટ) સાણંદ દ્વારા રચિત પ્રાકૃતિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા અને ચોમાસુ પાકની પૂર્વ તૈયારી અંગેનાં વર્કશોપમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં રજીસ્ટ્રેશનથી પ્રક્રિયા સવારે ૯.૦૦ કલાકથી શરૂ થઇ ગયેલ હતી. સદર કાર્યક્રમમાં પધારેલ મહેમાનોએ સ્થાન ગ્રહણ કર્યું અને સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી અને ત્યાર બાદ મહેનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. જેમાં સાણંદ બાવળા અને વિરમગામ તાલુકાના આસરે ૨૦૦ થી વધારે ખેડૂત ભાઈઓ તથા બહેનો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં ડો. ડી. જે. કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, ડાંગરની નવી જાતો તથા ઓરાણ ડાંગર વિષે ખૂબજ ઊંડાણ પૂર્વક સમજણ આપી હતી અને શ્રી એસ. એસ. થોરાત, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ડાંગરમાં આવતી જીવાતોની ઓળખ તથા પ્રાકૃતિક ખેતીમાં જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન તથા ડાંગરની ખેતીમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

સદર કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને રોપાણ અને ઓરાણ ડાંગરને અનુકૂળ જાતોથી માહિતગાર કર્યા બાદ પ્રગતિશીલ ખેડૂતોને ઓરાણ વાવણી માટે ડાંગરની મહીસાગર અને રોપાણ માટે જી.એ.આર. ૨૨ ના કુલ સાત જેટલા નિદર્શનોનું વિતરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ આભાર વિધિ કરી સદર ખેડૂત સંમેલનને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

# બાવળા ખાતે ખેડૂત સંમેલનના ફોટોગ્રાફ્સ










ટીગ

લા આવૃત્તિ દૈનિક

# બાવળા ખાતે ખેડૂત સંમેલન યોજાયું

બાવળા ખાતે ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ (નેનો પ્લાન્ટ) સાણંદ દ્વારા રચિત પ્રાકૃતિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા અને ચોમાસુ પાકની પૂર્વ તૈયારી અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાણંદ બાવળા અને વિરમગામ તાલુકાના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અનુસંધાને ચોખા સંશોધન કેન્દ્ર નવાગામ કૃષિ વૈજ્ઞાનિકો તથા શ્રી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ના અધિકારીઓ તથા સાણંદ બાવળા તાલુકાના વિસ્તારના વિસ્તરણ અધિકારીઓ ટાટા મોટર્સના સંપાદાસ ઘોષ તથા એફ પી ઓ મેનેજર ડિરેક્ટર કાશીરામભાઈ વાઘેલા તથા સામાજિક કાર્યકર પ્રફુલભાઈ મહેતા અને ધરતી ચેડિટેબલ ટ્રસ્ટના પ્રમુખ કાંતિભાઈ સાથે તેમનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો



આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી નું મહત્વ તથા બિયારણમાં જીવાત નિયંત્રણ માટેના જાણકારી આપવામાં આવી હતી. જ્યારે પ્રફુલભાઈ મહેતા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પાણી,પર્યાવરણ,ખેતીમાં કુદરતી સંશોધનોનો જે દૂર ઉપયોગ થઈ રહ્યો છે તે તરફ ધ્યાન દોરી ખેડૂતોને ખેતીમાં માનવ જીવનને નુકસાન કરતા રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડી જૈવિક પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે આહવાન કર્યું હતું.આ સભામાં સાણંદ બાવળા તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ બોટાદ ભાસ્કર 23-06-2023



# બાવળામાં પ્રાકૃતિક ખેતી માટેની ખેડૂતો માટેની શિબીર યોજવામાં આવી



બાવળામાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ (નેનો પ્લાન્ટ) સાણંદ દ્વારા રચિત પ્રાકૃતિક ફાર્મર પ્રોડ્યુસર કંપનીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા અને ચોમાસુ પાકની પૂર્વ તૈયારી અંગે વર્કશોપ યોજાયો જેમાં સાણંદ બાવળા અને વિરમગામ તાલુકાના ખેડૂતો, ચોખા સંશોધન કેન્દ્ર નવા ગામ કૃષિ વૈજ્ઞાનિકો અને અરણેજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં અધિકારીઓ તથા સાણંદ બાવળા તાલુકાના વિસ્તારના વિસ્તરણ અધિકારીઓ, ટાટા મોટર્સના સંપાદાસ ઘોષ, એફ.પી.ઓ. મેનેજર ડિરેક્ટર કાશીરામભાઈ વાઘેલા, સામાજિક કાર્યકર પ્રફુલભાઈ મહેતા, ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ કાંતિભાઈ હાજર રહ્યા હતા કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતીનું મહત્વ તથા બિયારણમાં જીવાત નિયંત્રણ માટેની જાણકારી અપાઈ હતી